પેન્શનરોના પેન્શનમાંથી આવકવેરાની કપાત
કરવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૩૪/૨૦૨૬/૪૮૧૯–૪૬**
**તારીખ : ૨૨– ૦૭ –૨૦૧૦.**

**પરિપત્ર નંબર : ૧૪ / ૨૦૧૦**

આથી તમામ તિજોરી અધિકારીઓનું ધ્યાન સને ૧૯૬૧ના આવકવેરા ધારાની કલમ–૧૯૨ તરફ ધ્યાન દોરતાં જણાવવાનું કે,

- તિજોરી અધિકારી દ્વારા પેન્શનરોને તેઓના પેન્શન તથા એરીયર્સના ચૂકવણા કરવામાં આવે છે.
- ચૂકવણા અધિકારી તરીકે પેન્શનરને ચૂકવાયેલ કુલ રકમ આવકવેરાને પાત્ર હોય તો, પેન્શનરના પેન્શનમાંથી આવકવેરો કાપવાનો રહે છે.
- અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે કે પેન્શનરોના પેન્શનમાંથી આવકવેરો કાપવાનો થતો હોવા છતાં આવકવેરો કાપવામાં આવતો નથી. પરિણામે પેન્શનરને ઈન્ટરેસ્ટ / પેનલ્ટી ઈન્ટરેસ્ટ ભરવાના પ્રસંગ ઉપસ્થિત થઈ શકે.
- નિયમોનુસાર ઉપાડ અને ચૂકવણી અધિકારીશ્રી તરીકે આવક વેરો કાપવાની જવાબદારી આપશ્રીની હોય, ટેકસ કાપવામાં ચૂક થવા બદલ આવક વેરા ધારા અન્વયે આપશ્રીની સામે નોટીસ કાઢી ઘટિત કાર્યવાહી થઈ શકે છે.
- આથી તમામ તિજોરી અધિકારીઓને નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.
  - સને ૨૦૧૦–૧૧માં પેન્શનરોને ચૂકવવાપાત્ર પેન્શનની રકમમાંથી જો આવકવેરો કપાત કરવાપાત્ર થતો હોય તો તેઓના પેન્શનમાંથી નિયમોનુસાર આવકવેરો કાપી સરકારશ્રીમાં જમા કરાવવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવી.
  - પેન્શનરના પેન્શનમાંથી આવકવેરો કાપતા અગાઉ પેન્શનરશ્રીની અન્ય આવક / રોકાણ વગેરેની માહિતી લેખિતમાં મેળવી લેવી.
  - નિયત સમયમર્યાદામાં પેન્શનર પાસેથી અન્ય આવક / રોકાણની માહિતી ન મળે તો તિજોરીમાંથી ચૂકવાયેલ પેન્શનની રકમમાંથી નિયમાનુસાર આવક વેરાની કપાત કરવી.
  - આવકવેરાની કપાયેલ રકમ અંગેનું નિયત થયેલ ફોર્મ/ પ્રમાણપત્ર પેન્શનરને આપવું.
  - ઉકત જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી દરેક નાણાંકીય વર્ષ દરમ્યાન હાથ ધરવી.

નિયામક

પ્રતિ,
૧. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જિલ્લા તિજોરી કચેરી, ........................
૨. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ
૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:–**
૧. નાયબ સચિવશ્રી, (પેન્શન–તિજોરી) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.